DATE :- 15-02-2026
DIVYA BHASKAR, PAGE - VI, SURAT

# મેટ્રોના ડ્રીમ સિટી ડેપોનું કામ અંતિમ તબક્કામાં, 15 મેટ્રો ટ્રેનો એકસાથે પાર્ક કરી શકાય છે

સન્ડે ફોટો સ્ટોરી



**લવકુશ મિશ્રા, સુરત :** સુરત મેટ્રો લાઇન 1 હેઠળ ડ્રીમ સિટી ખજોદમાં બનાવવામાં આવી રહેલો મેટ્રો ડેપો હવે લગભગ તૈયાર છે. કુલ 210,000 ચોરસ મીટરમાં ફેલાયેલો આ અત્યાધુનિક ડેપો સુરત મેટ્રો ટ્રેનોના ધોવા, નિરીક્ષણ, સમારકામ અને પ્રોફાઇલિંગ માટે સુવિધા યુક્ત હશે. ડેપોમાં બધા સિવિલ કાર્યો પૂર્ણ થઈ ગયા છે અને પેઇન્ટિંગ અને સિસ્ટમ ઇન્સ્ટોલેશન જેવા કામ અંતિમ તબક્કા ચાલી રહ્યા છે. **તસવીર : રીતેશ પટેલ**

### બોર્ડરનું કામ અને માટી ભરવાનું કામ પૂર્ણ થયું

બાઉન્ડ્રી વોલ અને 98% માટી ભરવા સહિત તમામ પેટા બાંધકામ કાર્ય અત્યાર સુધીમાં પૂર્ણ થઈ ગયું છે. વોશિંગ લાઇન, કંટ્રોલ ટાવર અને ડેપો સ્ટોર માટે સુપરસ્ટ્રક્ચરનું કામ પણ પૂર્ણ થવાના આરે છે.

### 346 કરોડના ખર્ચે ડેપો બનાવાયો

આ ડેપો આશરે કરોડના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે. ટીટાગઢ વેગન લિમિટેડને સુરત મેટ્રો માટે 24 ટ્રેન સેટ માટે ઓર્ડર આપવામાં આવ્યો છે, જેમાં દરેકમાં ત્રણ કોચ છે, જેની ડિલિવરી આ વર્ષના મધ્યમાં સુનિશ્ચિત થયેલી છે.

### 12 સ્ટેબલિંગ લાઇન પૂર્ણ કરાઇ

ડેપો ખાતે કુલ 12 સ્ટેબલિંગ લાઇન બનાવવામાં આવી છે, જ્યાં સુરત મેટ્રો રેક પાર્ક કરવામાં આવશે. ડેપોની કુલ ટ્રેન પાર્કિંગ ક્ષમતા 15 ટ્રેનો હશે. શરૂઆતમાં, આ લાઇનો ત્રણ કોચવાળી મેટ્રો ટ્રેનોને સમાવવા માટે ડિઝાઇન કરવામાં આવશે.

### સિસ્ટમ ઇન્સ્ટોલેશન અંતિમ તબક્કામાં

ડેપોની વહીવટી ઇમારત હવે સંપૂર્ણપણે બની ગઈ છે. સિસ્ટમ ઇન્સ્ટોલેશનનું કામ અંતિમ તબક્કામાં છે. એક આધુનિક ઓપરેશન કંટ્રોલ સેન્ટર (OCC) સ્થાપિત કરવામાં આવી રહ્યું છે, જે સુરત મેટ્રો લાઇન 1 અને લાઇન 2 નું એક સાથે દેખરેખ રાખવાની મંજૂરી આપે છે. OCC માં બે મોટા મોનિટર સ્ક્રીન હશે, જે 12.4 મીટર લાંબી અને 3 મીટર ઊંચી હશે, જે રીઅલ ટાઇમમાં બંને કોરિડોર પર સિગ્નલિંગ અને ટ્રેનની ગતિવિધિઓનું નિરીક્ષણ કરશે.